ગાંધીનગર સમાચાર

આમજામાંથી અછબડાના અગિયાર કેસ મળી આવ્યા

# શહેરમાં આકરા તાપની શરૂઆત

## વળતા ફાગણે ચૈત્ર આકાશે ચઢયો : શહેરમાં ગરમીનો પારો ૩૯.૫ ડીગ્રી : મહત્તમ અને લઘુત્તમ તાપમાન દોઢ ડીગ્રી વધ્યુ : ગરમી વધતા નગરમાં બપોરના સમયે સુનકાર : ઉનાળુ રાત્રિનો નઝારો નિખર્યો

ગાંધીનગર તા ૨

શહેરમાં ગરમીની મોસમે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનોએ આકરો તાપ વેઠવાનો વારો આવ્યો છે. આજે ગરમીનો પારો દોઢ ડીગ્રી ઉંચો આવતા તાપમાન ૩૯.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીમાં શહેરીજનો શેકાયા હતા. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ દોઢ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો.

શહેરમાં ગરમીની મોસમ ઉગ્ર બનતા નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. બપોરના સમયે નગરના માર્ગો પર સન્નાટો જોવા મળે છે.

ગાંધીનગરમાં મુખ્ય માર્ગો આસપાસ નિખરતા ગરમાળાના ફુલોની સાથે ગ્રીષ્મ ઋતુનો મિજાજ પણ ખીલ્યો છે. શહેરમાં ગત દિવસોમાં સર્જાયેલા વાદળિયા વાતાવરણ બાદ ધીમે ધીમે ઉનાળો આકરો બનતો જાય છે. ગરમીના પારાએ દોટ લગાવતા આજે શહેરીજનો આક્રમક ગરમી વચ્ચે શેકાયા હતા. દિવસના તાપ આકરો બનતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. આજે ગરમીનો પારો દોઢ ડીગ્રી વધતા બપોરના સમયે નગરજનોએ અંગ દઝાડતી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૧.૫ ડીગ્રી વધતા ગરમીનો પારો ૪૦ ડીગ્રીની નજીક પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૫ ડીગ્રી રહયુ હતુ. નગરમાં ગરમીની મોસમ નિખરતા રાત્રિના સમયે જનજીવન ધબકતુ જોવા મળે છે. નગરના આઈસ્ક્રીમ પાર્લરો પર ઠંડા થવા માટે ભીડ જામે છે. જયારે બોર્ડ પરિક્ષા પણ પુર્ણ થઈ ગઈ હોવાથી રાત્રિના સમયે નગરના ઉદ્યાનોમાં પણ આમ નાગરિકોની ભીડ જામે છે. શહેરના સ્વર્ણિમ પાર્કમાં પણ દિવસની ગરમીથી ત્રસ્ત પરિવારજનો રાત્રિના સમયે મજા માંણતા નજરે પડે છે. મોસમના બદલાતા મિજાજ વચ્ચે ગરમીએ તીખો તેવર બતાવતા આગામી દિવસોમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર પહોંચી જાય તેવી પણ શક્યતા છે. ત્યારે આકરી ગરમીથી બચવા માટે શ્રમિકો પણ નુસખા અજમાવી રહયા છે.

શહેરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા પક્ષી પરબનુ વિતરણ કરવામાં આવી રહયુ છે. જયારે સેકટરોમાં ઠેર ઠેર મિનરલ પાણીની પરબો પણ સેવાભાવી અગ્રણીઓ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. ગરમીના વધતા જોર વચ્ચે આજે સવારે અને સાંજે ભેજના પ્રમાણમાં પણ વધઘટ જોવા મળી હતી.

# મજુરોને નાણાં ચુકવવા કોન્ટ્રાકટરોએ કાર વેચાણ માટે કતારમાં લગાવી





ગાંધીનગર તા ૨

મજુરોના ચુકવણા માટે આ ગાડી વેચવાની છે. સરકારી કામો કરતા કોન્ટ્રાકટરોને છેલ્લા ૬ મહીનાથી બીલો ન ચકવાતા ઉગ્ર આક્રોશ પ્રવર્તયો છે. આજે પણ કોન્ટ્રાકટર એસોસિએશનના સભ્યોએ મોટી સંખ્યામાં પાટનગર યોજના ભવન પાસે એકત્રિત થઈ વિભાગના સચિવના ઉધ્ધતાઈપુર્વકના વર્તન વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે મજુરોના ચુકવણા માટે કોન્ટ્રાકટરોએ પોતાની કાર ટેગ મારીને લાઈનબધ્ધ વેચાણ માટે મકી દીધી હતી.

## માર્ગ મકાન વિભાગના સચિવ પી.જે. પટેલ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા : ૧૨૦ કોન્ટ્રાકટરોના અંદાજિત ૧૪ કરોડના બીલો ચુકવાયા નથી

ગાંધીનગર કોન્ટ્રાકટર એસોસિએશને સરકાર દ્વારા બીલો ન ચુકવાતા લડત આરંભી છે. સરકારી કોન્ટ્રાકટર તરીકે કામ કરતા અંદાજિત ૧૨૦ જેટલા કોન્ટ્રાકટરોના રૂ ૧૪ કરોડના બીલો વિભાગમાં અટવાયેલા છે. છેલ્લા ૬ મહીનાથી નાંણા ન ચુકવાતા કોન્ટ્રાકટરોની હાલત દયાજનક બની છે. ત્યારે આ મામલે કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા માર્ગ મકાન વિભાગના સચિવ પી જે પટેલને રજુઆત કરવામાં આવી હતી. પરંતુ સચિવ દ્વારા બીલો ચુકવાશે નહીં તેવો ઉધ્ધત જવાબ આપવામાં આવતા કોન્ટ્રાકટરોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. કોન્ટ્રાકટરોએ સચિવના બેજવાબદાર અને ઉધ્ધત વર્તન સામે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો છે. આજે પાટનગર યોજના ભવન પાસે મોટી સંખ્યામાં એકત્રિત થયેલા કોન્ટ્રાકટરોએ માર્ગ મકાન વિભાગના સચિવ પી જે પટેલ હાય હાય ના સુત્રોચ્ચાર કરી રોષ વ્યકત કર્યો હતો. જયારે કોન્ટ્રાકટરોએ પોતાની કાર પણ કતારમાં વેચાણ માટે મુકી દિધી હતી. પાટનગર યોજના ભવન પાસે કોન્ટ્રાકટરોએ પોતાની કાર પર મજુરોના ચુકવણા માટે કાર વેચવાની હોવાના ટેગ મારી દીધા હતા.કોન્ટ્રાકટર એસોસિએશનના જણાંવ્યા મુજબ સરકારી કામો કરતા ૧૨૦ જેટલા કોન્ટ્રાકટરોને છેલ્લા ૬ મહીનાથી પૈસા ચુકવાયા નથી. અંદાજે ૧૪ કરોડ રૂપિયાના બીલો અટવાયેલા છે. જેથી કોન્ટ્રાકટરોએ મજુરોને પૈસા ચુકવવા માટે ગાડી વેચવાનો વારો આવ્યો છે.

# મનપાની ૩૨ બેઠક માટે કોંગ્રેસમાં ૨૦૦થી વધુ ટિકિટ વાંચ્છુઓ મેદાનમાં



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૩૨ બેઠકો માટે કોંગ્રેસના ઉમેદવારોની રજુઆતો સાંભળવાની કામગીરી આજે સંપન્ન થઈ છે. ૨૦૦થી પણ વધુ ઉમેદવારોએ આ માટેની ઈચ્છા વ્યક્ત કરતાં હવે નિરીક્ષકોની કવાયત અઘરી બની છે.

વોર્ડ નં. ૧ થી ૮ના ઉમેદવારોની રજુઆત સાંભળવાની કામગીરી બ્રહ્મસમાજ ભવન સે. ૧૬ ખાતે ગઈકાલથી શરૂ થઈ હતી. ગઈકાલે વોર્ડ નં. ૧ થી ૪ અને આજે વોર્ડ નં. ૫ થી ૮ની રજુઆતો સાંભળવામાં આવી હતી.

આ રજુઆતો પ્રદેશના નિરીક્ષકો શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી મિહિર શાહ, માયાબેન દવે, પ્રદેશ મહામંત્રીશ્રી નિશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ, શહેર પ્રમુખશ્રી કૌશિક શાહ, શહેર કોંગ્રેસની કોર્ડિનેશન કમિટીના સભ્યો તેમજ શહેર સમિતિના નિરીક્ષકોની હાજરીમાં સાંભળવામાં આવી હતી.

શહેર સમિતિ સાથે નિરીક્ષકો દ્વારા હવે ચકાસણીની કામગીરી કરવામાં આવશે તેમજ આ પછી વોર્ડ દીઠ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા

● અનુસંધાન પાન-૭ પર

# આમજામાંથી અછબડાના અગિયાર કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના આમજા ગામેથી આજે ૧૧ જેટલા અછબડાના કેસો મળી આવતાં આરોગ્યતંત્ર દોડતુ થયું છે અને સઘન સર્વેલન્સની તંત્રના અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આમજા ગામમાં અછબડાના કેસ ૪ થી ૧૧ વર્ષના બાળકોમાં જોવા મળ્યા છે. એક-બે દર્દી ૧૯ વર્ષની આયુ ધરાવતા હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર નજીક કલોલની હદમાં આવેલા આ ગામમાં મળી આવેલા દર્દીઓને પગલે જિલ્લાની ટીમ પણ ગામમાં પહોંચી ગઈ હતી અને સ્થિતિની સમીક્ષા કરી સઘન સર્વેલન્સના આદેશો આપવામાં આવ્યા છે.

મહુડી પંથકમાં ઓરીના કેસો પછી કલોલ પંથકમાં અછબડાના કેસોથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જો કે હોળી પછીના ગાળામાં સામાન્યતઃ અછબડાના કેસો નોંધાતા હોય છે. હવાથી ફેલાતો આ રોગ હોવાથી આવા બાળકોને સલામત રાખવાની પણ વાલીઓને સલાહ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ઘણા વખતથી વાઈરલ રોગોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. જેથી તંત્રએ લોક-જાગૃતિ માટેના અભિયાનને પણ સઘન બનાવવાની વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.



રંગારંગ કાર્યક્રમ - શહેરની પ્રિ-પ્રાયમરી સ્કૂલ ક્રેયોન્સના વાર્ષિકોત્સવ નિમિત્તે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં બાળકોએ સુંદર અભિવ્યક્તિ દ્વારા વાલીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કાલીઘેલી ભાષામાં અભિનયમાં નિર્દોષતા વર્તાતી હતી... બાળકોમાં આત્મવિશ્વાસ અને હિંમતમાં વધારો થાય એવા હેતુસર યોજાતા રંગારંગ કાર્યક્રમમાં અનોખી પ્રસ્તુતિ કરી હતી.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ફુટપાથની જાળવણી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ પરંતુ વૃક્ષોના થડીયા હજુ પણ યથાવત

## તુટેલા વૃક્ષોના થડીયાના લીધે સિનિયર સિટિઝન્સ અકસ્માતનો ભોગ બને છે

ગાંધીનગર તા ૨

શહેરમાં ફુટપાથની મરામત પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.પરંતુ શહેરના મુખ્ય માર્ગો પર જ ફુટપાથ વચાળે આડશ બનેલા વૃક્ષોના થડીયા ફુટપાથના અસ્તિત્વકાળથી હજુ પણ યથાવત છે. જેના પરિણામે અનેકવાર વોક વે પર વોકીંગમાં નિકળતા સિનિયર સિટીઝન્સનો ભોગ બને છે. થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા માટે રીપેરીંગ કરવામાં આવ્યુ હતુ. પરંતુ કાપેલા વૃક્ષોના થડીયા હજુ પણ યથાવત હોવાથી આમ નાગરિકોની સમસ્યાનો અંત આવ્યો નથી.

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ફુટપાથની જાળવણીના નામે મીંડુ ચિતરાયેલુ હોવાથી વોક વે આસપાસ ગંદકી તેમજ કચરાના ઢગ જોવા મળે છે. જયારે કેટલાક ઠેકાણે ફુટપાથની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ફુટપાથ અસ્તિત્વમાં આવતા સેકટરોમાં જવાના આંતરિક રસ્તાઓ બંધ થઈ જતા કેટલાક ઠેકાણે રહીશો દ્વારા ફુટપાથમાં ગાબડા પાડવામાં આવ્યા છે. જયારે ફુટપાથ પર વાહનો



દોડાવાતા કેટલાક ઠેકાણે ફુટપાથમાં પોલાણ સર્જાયુ છે. ફુટપાથના નિર્માણ બાદ લાંબા સમયના અંતે તંત્ર દ્વારા વોક વે ના ગાબડા પુરવા માટે સમારકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય માર્ગોની ફુટપાથની જાળવણીનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે આંતરિક વિસ્તારોમાં ફુટાપાથનુ સમારકામ હજુ બાકી છે. પરંતુ ફુટપાથ વચ્ચે નડતરરૂપ વૃક્ષોના થડીયા દુર કરવામાં આવ્યા નથી. જેના પરિણામે વોક વે પર ચાલતા નાગરિકો ઘણીવાર અકસ્માતનો ભોગ બને છે. શહેરના મુખ્ય ચ માર્ગ પર તેમજ ચ-૨ થી ઘ-૨ તરફના માર્ગ પર ફુટપાથ વચાળે સ્થિત આવા વૃક્ષોના થડીયા વોકીંગ કરતી વેળાએ નાગરિકોના પગમાં આવતા અકસ્માત સર્જાય છે.



## બેસણું

અમારા વડીલશ્રી અને સાહિત્યકાર **જય ગજ્જર કેનેડા (ગાંધીનગર)**નું તા. ૩૧/૩/૨૦૧૬ના રોજ દેહાવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૪/૪/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૦૦** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૨૦૭, ચ-૬ પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર**

નટુભાઈ ગજ્જર
કનુભાઈ ગજ્જર
પ્રવિણભાઈ ગજ્જર
ડો. નીલ જય ગજ્જર
અશ્વિન જે. ગજ્જર
રાજેશ આર. સુથાર
હેતલ કે. ગજ્જર

## ભાવભીની શ્રદ્ધાંજલિ
### સાતમી વાર્ષિક પુણ્યતિથી



**કાર્તિક (ગોપુ) અશ્વિનભાઈ વ્યાસ**
જન્મ તા. : ૧-૩-૧૯૭૭ ● સ્વ. તા. ૩-૪-૨૦૦૯

સારા કર્મોની સુગંધ સદાયે રહેશે.
મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહથી ભલે અદૃશ્ય થયા હોય પરંતુ
તારી યાદ સદાય અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.
અશ્વિનકુમાર એમ. વ્યાસ
પ્રિયંવદાબેન અશ્વિનભાઈ વ્યાસ
કોશા કાર્તિક વ્યાસ
વેદાંન્ત કાર્તિક વ્યાસ
ચિરાગ પી. વ્યાસ
તૃષા સી. વ્યાસ
વરૂણ - વૈભવ
ફોન : ૨૩૨૨૬૦૯૮

केशवम
पार्टी प्लोट
અમારે ત્યાં
વિશાળ લૉન એરિયા
વ્યવસ્થિત મોટા એ. સી. રૂમ
પાર્કીંગની વ્યવસ્થા
આધુનીક સ્ટાઈલના મંડપ ડેકોરેશન
સંપુર્ણ અને સુઘડ કિચનની વ્યવસ્થા
કેટરીંગની વ્યવસ્થા
દરેક પ્રસંગ માટે અનુકુળ
એસોસીએટેડ ફર્મ, ગાંધીનગર
Prem Ni Mithaas
કેશવમ પાર્ટી પ્લોટ, પેથાપુર - મહુડી રોડ, ગાંધીનગર
: +91 98254 50111, +91 99099 55655 : www.keshavampartyplot.com


Attractive Points
• Huge Lawn capacity of 5000 People
• Large Size AC Room
• Personal Huge Parking
• Gandhinagar-Ahmedabad Centre Place
• Birthday Party • Anniversary
• Engagement • Get together
• Wedding • Fresher Party
Party Plot Add. : Adalaj Circle, S.G. Highway, Adalaj, Gandhinagar
Offer Valid First Five Function Only (1-4-2016)
Shreeya Farm
Adalaj Circle
Managed by : Complete Wedding Planner
The DIAMOND GROUP EVENTS
Contact For Booking
Jigar Trivedi +91 9898318815, 9033236009
Dhamal Package @ 3,50,000
• Theme Decoration • Saranay-Dhol Team
• Party Plot Rent • Doli
• Light Bill • DJ
• Generator • Bride & Groom
• Valet Parking Special Entry


ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com